જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૯/૧૮

પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતાં આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ. શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન શાસ્ત્રીબ્રીજ ના છેડે આવતા મસઇ સંતોષભાઇ નાથુભાઇ તથા મસઇ દિનકરભાઇ રમેશભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે આરોપી ભરતભાઇ ધનશ્યામભાઇ દેવીપુજક ઉવ૩૫ ધંધોઃછુટક મજુરી રહે, મણીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, ફુટપાથ ઉપર, મણીનગર, અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ જેની પુછપરછ કરતાં દેશીદારૂના મણીનગર પોલીસ સ્ટેશન ના ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાવેલ ઉપરોકત બાબતે તપાસ કરાવતાં મણીનગર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૦૧/૨૦૧૮ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૨૦/૦૧/૨૦૧૮ ના કલાક ૧૩/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરી વધું તપાસ અર્થે મણીનગર પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે

સુરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશનના ચીટીંગના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથાનાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મસઇ નરેન્દ્રસિંહ વજેસિંહ તથા હેકો જયેન્દ્રસિહ વીક્રમસિહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર નરોડા પાટીયા ખાતેથી આરોપી પંકજ મનોહરલાલ ગોલાણી ઉ.વ.૨૯ ધંધોઃવેપાર રહે,સી/૬૬, કુબેરનગર, મહાવીર કસરત શાળાની સામે, સરદારનગર, અમદાવાદ શહેર નાને ઝડપી લેવામાં આવેલ જેની પુછપરછ કરતાં પોતે તથા બીજા બે માણસો વિરુધ્ધ ફીનીસ્ડ કાપડ રૂ.૧૪,૭૪,૧૮૬/- નો છેંતરપીન્ડી વિશ્વાસઘાતનો આક્ષેપ કરતી ફરીયાદ દાખલ થયેલ જે ગુનામાં વોન્ટેડ હોવાની હકીકત જણાવેલ ઉપરોકત બાબતે તપાસ કરાવતાં સુરત સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફ્રુ.ર.નં.૨૪/૧૮ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૦૯, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૨૦/૦૧/૨૦૧૮ ના કલાક ૧૫/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરી વધું તપાસ અર્થે સુરત સલાબતપુરાપોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

માધવપુરા પોલીસ સ્ટેશન

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડિવિઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સિનીયર પોલીસ ઇ ન્સપેકટર માધવપુરા પોલીસ સ્ટેશન નાઓની સુચનાથી સર્વેલન્સ પોસઇ એ એન દેસાઇ તથા સ્ટાફના માણસો મિલ્કતસંબધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ પેટ્રોલીગમા હતા દરમ્યાન શિલાલેખ ચાર રસ્તા પાસેથી પોકો મહમંદસાહીર શબ્બીરમીયા બન ૯૬૫૬ તથા પોકો અલ્પેશસિહ ભવાનસિહ બન ૪૧૪૦ તથા પોકો કુણાલસિહ નટવરસિહ બન ૬૪૩૨ નાઓની સંયુકત બાતમી આધારે આરોપીઓ (૧) સુરેશ સોહનલાલ તૈલી ઉ.વ ૨૮ રહે રમેશભાઇ ભરવાડના મકાનમા અંબીકાનગર સ્વામીનારાયણમંદિરની સામે ચાંદલોડીયા અમદાવાદ (૨)નવરતન ઉર્ફે રામગોપાલ સ/ઓ ભવરજી પોકરજી કુમાવત ઉ.વ ૩૪ રહે ઘર નં ૧૬૮૭ પારસનગ શોલારોડ અમદાવાદ (૩) સતીષ ઉર્ફ સત્તુ સ/ઓ મનોહરલાલ ભુરાલાલ મહેતા ઉ.વ ૨૫ રહે રબારીવસાહત અદાણીપંપની બાજુમા નવાવાડજ અમદાવાદ (૪) દેવકિશન ઉર્ફે કાલુ સ/ઓ ભેરૂલાલ જોદાજી કુમાવત ઉ.વ ૨૫ રહે રબારીવસાહત વાળીનાથચોક મેમનગર અમદાવાદ (૫) રામેશ્વરલાલ ઉર્ફે રમેશ સ/ઓ મથુરાલાલ જવારમલજી કુમાવત ઉ.વ ૨૩ રહે રબારીવસાહત વાળીનાથચોક મેમદાવાદ અમદાવાદ (૬) કિશન ઉર્ફે નેપાલી સ/ઓ માંગીલાલ ખોડાજી રેગર ઉ.વ ૧૯ રહે મોતીભાઇ રબારીની ચાલી રબારીવસાહત રામાપીરનો ટેકરો નવાવાડજ અમદાવાદ નાઓને તા-૨૦/૧/૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે તેમની પાસેથી ગુનાના કામે ચોરીએ ગયેલ બીએસએનએલ કેબલવાયરો ૨૮૫૪ વજન ના કિ રૂ ૧૦,૦૬,૨૦૦/નો તથા ચોરી કરવા માટે વાપરેલ મીનીટ્રક LPT 407 નંબર GJ-01-DX-4122 કિ રૂ ૭,૦૦,૦૦૦/ની સાથે પકડી અટક કરવામા આવેલ છે અને આગળની તપાસ પો સ ઇ એ એન દેસાઇ સર્વેલન્સ સ્કોડ નાઓ કરી રહ્યા છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.